**ક્રીમીનલ કેસ નં.૪૭૫૧/૨૦૧૧**

**આંક-૦૧ની ચાર્જશીટ લગત હુકમ**

૧) હાલના કેસમાં સરકાર( પોલીસ ) ધ્વારા આરોપી રમેશભાઇ ખેમચંદભાઇ પંચાલ ઉપર ઇ.પી.કો. ક.૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪-અ તથા એમ.વી.એક્ટની ક.૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેની ચાર્જશીટ અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

૨) કેસનું રેકર્ડ જોતા અદાલત દ્વારા આરોપીને હાજર રખાવવા અવારનવાર પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છે પરંતુ આરોપી રાજ્ય બહાર મુંબઇના વત્ની હોય પ્રોસેસ બજે કે વગર બજે પરત આવેલ નથી તેમજ આરોપીના જામીનદાર પણ મરણ ગયેલ હોય, તેઓને હાજર રખાવી શકે તેવા કોઇ જામીનદાર પણ ઉપલબ્ધ નથી. આમ, અદાલત દ્વારા આરોપીને અવારનવાર પ્રોસેસ કરવા છતાં ફરીયાદપક્ષ આરોપીને અદાલતમાં હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે અને તેથી હાલનો કેસ ક્રિમીનલ મેન્યુઅલના પેરા-૨૧૧ની જોગવાઇ મુજબ ડોરમેન્ટ ફાઇલ પર મુકવામાં આવેલ અને ત્યારબાદ પણ વારંવાર પ્રોસેસો ઇસ્યુ કરવામાં આવેલ પરંતુ બજે કે વગર બજે પરત આવેલ નથી. વધુમાં આરોપી રાજ્ય બહાર મુંબઇના રહેવાસી હોય અને તેઓના કોઇ જામીનદાર પણ ન હોય ભવિષ્યમાં પણ ફરીયાદપક્ષ આરોપીને હાજર રાખી શકશે કે કેમ તે કહી શકાય નહીં તેમજ હાલનો કેસ ૧૦ વર્ષ ઉપરાંત જુનો છે અને સદર ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં તે સમન્સ ટ્રાયેબલ ગુનો છે. પોલીસ ચાર્જશીટ ઉપરથી દાખલ કરવામાં આવેલ ગુનો છે. અદાલત દ્વારા આરોપીને હાજર રખાવવા ફરીયાદપક્ષને તક આપવામાં આવેલ છે. આમ, છતાં ફરીયાદપક્ષ આરોપીને અદાલતમાં હાજર રાખી શકેલ નથી. સદર કેસનો પ્રકાર તેમજ કેસ ઉપરની હકીકતો, કેસનું રેકર્ડ, રોજકામ ધ્યાન સમક્ષ રાખતાં આ સાથે ક્રીમીનલ પ્રોસીજર કોડમાં કરવામાં આવેલ ધારાકીય જોગવાઇ કલમ-૨૫૮ ધ્યાન સમક્ષ રાખતાં સદર કેસ આ કલમમાં પડતો કેસ જણાઇ આવેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટે A.I.R. 2012 SC 3217 Ranjan Dwivedi Versus C.B.I., Through The Director General with Ac. Sudevanada Avadgyta Versus C.B.I. Through The Director Generalના ચુકાદામાં ઠરાવેલ છે કે, ક્રીમીનલ કોર્ટોએ ઉચિત કેસોમાં ફોજદારી કાર્યરીતિની કલમ-૨૫૮, ૩૦૯, ૩૧૧ના પાવર્સ ન્યાયના હિતમાં વાપરવા જોઇએ તેમાં નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે The criminal courts should exercise their available powers, such as those under Sections 309, 311 and 258 of the Code of Criminal Procedure to effectuate the right to speedy trial. A watchful and diligent trial Judge can prove to be a better protector of such right than any guidelines. In appropriate cases, jurisdiction of the High Court under Section 482 CrPC and Articles 226 and 227 of the Constitution can be invoked seeking appropriate relief or suitable directions.

૩) આ ઉપરાંત નામદાર બોમ્બે હાઇકોર્ટે Mulchand Motilal Raka v. The State of Maharastra & Anr. 1996 (2) Crimes 177(Bom) ધ્યાને લેતા તેમાં ઠરાવેલ છે કે, Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain

situations, where the presence of accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution, which is necessary for the trial of the case. Therefore, where the Magistrate does not find it possible to dispose of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as hereinabove stated, in such situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be resorted to where the special or un-usual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way. Therefore, in such situation, where the Magistrate finds it difficult to decide the case on merit, without any hindrance, in the normal manner, as per procedure under the Code, the provisions of section 258 of the Code can be resorted to.

૪) સી.આર.પી.સી.ની કલમ-૨૫૮માં કરવામાં આવેલ જોગવાઇ ધ્યાન સમક્ષ રાખતા તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં ઉપર જણાવ્યા મુજબના કેસ લો ધ્યાન સમક્ષ રાખતા હાલના કેસના આરોપી રાજ્ય બહારના એટલે કે મુંબઇના હોય અને હાલના કામે આરોપી વિરુધ્ધ પોલીસે અદાલતમાં ચાર્જશીટ દાખલ કર્યાની તારીખથી આજ દિન સુધી અવારનવાર સમન્સ કરવા છતાં આ કામે સમન્સ બજે કે વગર બજે પરત આવેલ નથી કે આરોપી હાજર રહેલ નથી અને આરોપી નજીકના ભવિષ્યમાં પણ હાજર રહે તેવી શક્યતાઓ જણાતી નથી તેમજ આરોપીના જામીન મરણ ગયેલ છે અને નવા કોઇ જામીન પણ નથી. વધુમાં આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલો ગુનો તે સામે ધારાકીય જોગવાઇ મુજબ થવાને પાત્ર વધુમાં વધુ સજાની જોગવાઇ જોતાં તેમજ કેસનો પ્રકાર તેમજ હાલનો કેસ ૧૦ વર્ષ ઉપરાંત જુનો છે તે જોતા હાલનો કેસને વિશેષ લંબાવવા માટે કોઇ વ્યાજબી કારણ જણાતુ નથી. આથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૮ અન્વયે તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકી આરોપીને બિન તહોમત મુકત ગણી તેની સામેનો કેસ ફેસલ ગણી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## <u>હુકમ</u>

૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૮ તળે આરોપી સામેની હાલની કાર્યવાહી પડતી મુકી આરોપીને બિનતહોમત મુક્ત ગણી હાલનો કેસ ફેસલ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

૨) મુદ્દામાલ બાબતે વચગાળાના તબક્કે જો કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો આ હુકમથી કાયમ કરવામાં આવે છે અને જો વચગાળાના તબક્કે કોઇ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે બાબતે ઇન્કવાયરી કરી મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૬/૦૬/૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ સ્પેશ્યીલ સીટીંગમાં અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ - ૨૬/૦૬/૨૦૨૨ (દક્ષેશ રાજેશકુમાર જગુવાલા)

સ્થળ - રાજકોટ ૧૧મી એડી. ચીફ જ્યુ. મેજી., રાજકોટ - જીજે-૦૦૯૭૩